# કાલોલ : પોલીસની ફરજમાં રૂકાવટ કરીહુમલો-મહિલાકોન્સ્ટેબલનેફ્રેક્ચર

**મહિલા કાઉન્સિલર** સહિત 5 સામે ગંભીર કલમો હેઠળ ફરિયાદ, શહેરમાં ચકચાર



(પ્રતિનિધિ) કાલોલ, તા.7

કાલોલમાં પોલીસની ફરજમાં રૂકાવટ કરી અપમાનજનક શબ્દો બોલવા, ઝપાઝપી અને હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. ટ્રાફિક નિયમન દરમિયાન મહિલા કોન્સ્ટેબલ પર હુમલો થતાં તેમને હાથમાં ફ્રેક્ચર આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે મહિલા કાઉન્સિલર સહિત કુલ 5 આરોપીઓ સામે કાયદેસર ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મંગળવારે કાલોલ પોલીસ સ્ટેશનના સિનિયર PI આર.ડી. ભરવાડ અને સ્ટાફ એમજીએસ ગરનાળા પાસે ટ્રાફિક ચેકિંગમાં હતા. તે દરમિયાન GJ-07-AR-4950 નંબરની ફોર-વ્હીલ કાર કાળા કાચ અને આગળ દંડા સાથે ઝડપથી પસાર થઈ. ઊભા રહેવાનો ઈશારો છતાં કાર ન રોકતા પોલીસે સરકારી વાહનથી પીછો કરી કાલોલ કોર્ટ પાસે અટકાવી.

કાર ચાલક પ્રતીક જોષીએ ગાળાગાળી કરી અને સાથે બેઠેલા નેહાબેન પાઠક તથા વર્ષાબેન જોષીએ અશોભનીય વર્તન કર્યું હોવાનો આક્ષેપ છે. ઘટના દરમિયાન ટ્રાફિક જામ થયો અને લોકો એકત્ર થયા. ત્યારબાદ કાલોલ નગરપાલિકાના કાઉન્સિલર તથા કારોબારી અધ્યક્ષ જ્યોત્સનાબેન બેલદાર સ્થળે પહોંચ્યા અને પોલીસ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ, કાઉન્સિલરે સ્વીફ્ટ કારની ચાવી કાઢી લીધી, ધમકીઓ આપી અને મહિલા કોન્સ્ટેબલ સુનીતાબેન તથા શિલ્પાબેન સાથે ઝપાઝપી કરી, જેમાં એક મહિલા કોન્સ્ટેબલને હાથમાં ગંભીર ઈજા થઈ. બાદમાં પોલીસ સ્ટેશનમાં પણ ઉદ્ધતાઈ અને અપમાનજનક વર્તન કરાયું હોવાનો આક્ષેપ છે.

આ મામલે પ્રતીક જોષી, વર્ષાબેન, નેહાબેન, પ્રિયંકાબેન અને જ્યોત્સનાબેન-એમ પાંચ સામે BNS કલમ 281, 189(2), 221, 121(1), 121(2), 132, 352, 351(2) હેઠળ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે પ્રતીક જોષીની અટકાયત કરી છે, જ્યારે અન્ય ચાર મહિલાઓ ધરપકડથી બચવા માટે અજ્ઞાત સ્થળે ગઈ હોવાની માહિતી છે.

ઘટનાના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા મામલો ટોક ઓફ ટાઉન બન્યો છે. બીજી તરફ, કાઉન્સિલર જ્યોત્સનાબેન બેલદારનું કહેવું છે કે તેઓ પરિવારને દવાખાને લઈ જઈ રહ્યા હતા અને પોલીસ દ્વારા હેરાનગતિ થઈ; પોતે નિર્દોષ હોવાનું તેમણે જણાવ્યું છે. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરાઈ છે.

# કાલોલ જમીન વિવાદમાં લાકડાના દંડા અને લોખંડના ધારિયાથી હુમલો

**વેજલપુર ઢોલા** તલાવડી નજીકની ઘટના, બે ઈસમો સામે ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.7

કાલોલ તાલુકાના વેજલપુર ગામે ઢોલા તલાવડી નજીક જમીનના મુદ્દે ઉગ્ર ઝઘડો થતાં લાકડાના દંડા અને લોખંડના ધારિયાથી હુમલો થયાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં બે ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ઢોલા તલાવડી નજીક તળાવની પાર આવેલા ખેતર વિસ્તારમાં ચતુરભાઈ નાયક સાથે મંગાભાઈ બાબુભાઈ પટેલ અને જયેશભાઈ બાબુભાઈ પટેલ દ્વારા બોલાચાલી કરવામાં આવી હતી. ઝઘડો વધતાં મંગાભાઈ હાથમાં લાકડાનો ડંડો અને જયેશભાઈ લોખંડનું ધારિયું લઈને આક્રમક બન્યા હતા.

ફરિયાદી અરવિંદભાઈએ પોતાના પિતાને મારતા રોકવા માટે "મારા પિતાને કેમ મારો છો?" એમ પૂછતાં આરોપીઓએ "તારા પિતા અમારા ખેતરમાંથી લાકડા કાપે છે" એમ કહી વધુ ઉગ્રતા દાખવી હતી.

ત્યારબાદ જયેશભાઈએ લોખંડનું ધારિયું ચતુરભાઈના ડાબા પગના થાપાના ભાગે મારી દેતા ચામડી ફાટી ગઈ અને ભારે રક્તસ્રાવ થયો હતો. સાથે જ મંગાભાઈએ લાકડાના ડંડાથી અરવિંદભાઈ પર પણ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચતુરભાઈને દાખલ કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ ફરી એકવાર ગ્રામ્ય વિસ્તારોમાં જમીન અને સીમા સંબંધિત વિવાદો કેટલા ગંભીર સ્વરૂપ લઈ શકે છે તે દર્શાવે છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### ગોધરામાં બસ સ્ટેન્ડ ખસેડાતા વિદ્યાર્થીઓ માટે સિટી બસ શરૂ કરવા હિન્દુ મહાસભાની માંગ

**ગોધરા,** ગોધરા શહેરમાં ચાલી રહેલા બ્રિજના કામગીરીને કારણે એસ.ટી. બસ સ્ટેન્ડનું સ્થળાંતર કરવામાં આવતા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે અખિલ ભારત હિન્દુ મહાસભા દ્વારા વિભાગીય પરિવહન અધિક્ષકને પત્ર લખીને તાત્કાલિક ધોરણે વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ સીટી બસ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. શહેરમાં હાલ રેલવે ઓવરબ્રિજનું કામ પ્રગતિમાં હોવાથી મુખ્ય બસ સ્ટેન્ડને હંગામી ધોરણે ભૂરાવાવ ખાતે ખસેડવામાં આવ્યું છે. જોકે, આ વ્યવસ્થાને કારણે પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અને આઈટીઆઈ તથા સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. અખિલ ભારત હિન્દુ મહાસભાના ગુજરાત પ્રદેશ પ્રભારી આશિષ પટેલે જણાવ્યું હતું કે, બસ સ્ટેન્ડ દૂર થવાને કારણે વિદ્યાર્થીઓએ કોલેજ સુધી પહોંચવા માટે ખાનગી વાહનો કે રિક્ષાનો સહારો લેવો પડે છે. જેનો લાભ ઉઠાવી રિક્ષાચાલકો વિદ્યાર્થીઓ પાસે મનફાવે તેમ ભાડું વસૂલી રહ્યા છે.



### દાહોદ ભાજપ કાર્યાલય ખાતે જીરામજી યોજના સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ




**દાહોદ,** દાહોદ ખાતે જી રામજી યોજના સંદર્ભે દાહોદ જિલ્લા ભાજપા દ્વારા પ્રેસવાર્તા કરવામાં આવી હતી અને વિકસિત ભારત અને રોજગાર આજીવિકા મિશન એટલે જી રામજી 2025 ની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી તેમણે જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા મનરેગા યોજના હેઠળ જે 100 દિવસને બદલે 125 દિવસ રોજગારી આપવામાં આવશે અને સાથે જ જૂની યોજનામાં જે 15 દિવસે ચૂકવણી કરવામાં આવતી હતી તેના સ્થાને દર અઠવાડિયે ચૂકવણી કરવામાં આવશે. જેથી ગ્રામ્ય વિસ્તારોમાં મોટી રોજગારીની તકો ઉભી થશે તેમ જણાવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સ માં જિલ્લા ભાજપા પ્રમુખ સ્નેહલ ધરિયા જિલ્લા પંચાયત પ્રમુખ કરણ ડામોર સહિત ભાજપા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# દેવગઢબારિયા : કથિત નરેગા કૌભાંડ વચ્ચે સરકારી દસ્તાવેજો સળગાવવાની ઘટનાએ ચકચાર જગાવી

**તાલુકા પંચાયતના** રેકોર્ડ રૂમમાંથી નરેગા સંબંધિત કાગળો નાશ કરાયા હોવાની ચર્ચા



(પ્રતિનિધિ), દેવગઢબારિયા, તા.7

દેવગઢબારિયા તાલુકામાં ચાલી રહેલા કથિત નરેગા (MGNREGA) કૌભાંડના માહોલ વચ્ચે તાલુકા પંચાયતના રેકોર્ડ રૂમમાંથી મહત્વના સરકારી દસ્તાવેજો સળગાવવાની ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. ખાસ કરીને નરેગા યોજના સંબંધિત દસ્તાવેજો નાશ કરાયા હોવાની ચર્ચા વચ્ચે સરકારી તંત્રની કામગીરી, પારદર્શકતા અને જવાબદારી સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, દેવગઢબારિયા તાલુકા પંચાયતમાં સંગ્રહિત નરેગા સહિતના વિવિધ વિભાગોના બિલ, વાઉચર, હિસાબી નોંધો અને અન્ય મહત્વના રેકોર્ડ બહાર કાઢી ખુલ્લી જગ્યામાં એકત્ર કરી આગ ચાંપવામાં આવી હતી. ચર્ચા છે કે આ સમગ્ર પ્રક્રિયા કોઈ સ્પષ્ટ મંજૂરી અથવા નિર્ધારિત નિયમિત કાર્યવાહી વિના કરાઈ હોવાનું જણાઈ રહ્યું છે, જેના કારણે મામલો વધુ સંવેદનશીલ બન્યો છે.

નરેગા યોજના અંતર્ગત અગાઉથી જ ગેરરીતિઓ અને કૌભાંડ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. આવા સમયે દસ્તાવેજો સળગાવવાની ઘટના સામે આવતા લોકોમાં શંકા ઉઠી છે કે "કોઈ પુરાવા નષ્ટ કરવા માટે તો આ કાર્યવાહી કરવામાં આવી નથી ને?" સરકારી દસ્તાવેજોના નિકાલ માટે નિશ્ચિત નિયમો અને માર્ગદર્શિકા હોવા છતાં તેનું પાલન થયું કે નહીં તે બાબતે તપાસની માંગ ઉઠી રહી છે.

આ સમગ્ર ઘટનાને લઈ સ્થાનિક નાગરિકો અને જાગૃત વર્ગ દ્વારા સરકારી તંત્રની ભૂમિકા પર પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. લોકો દ્વારા જવાબદાર અધિકારીઓ પાસેથી તાત્કાલિક સ્પષ્ટતા અને સમગ્ર મામલે નિષ્પક્ષ તથા પારદર્શક તપાસની માંગ કરવામાં આવી રહી છે.

આ મામલે દેવગઢબારિયા તાલુકા વિકાસ અધિકારીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, ખૂબ લાંબા સમયથી જૂના દસ્તાવેજો પર ઉતરી (ઘુસ) લાગી જવાથી તે ખરાબ થઈ ગયા હતા. અન્ય દસ્તાવેજોને નુકસાન ન પહોંચે તે માટે ખરાબ થઈ ગયેલા દસ્તાવેજોનો નિયમસર નિકાલ કરવામાં આવ્યો હોવાનું તેમનું કહેવું છે.

# દાહોદમાં આપના નેતાને ચેક બાઉન્સ કેસમાં એક વર્ષની સજા

સરપંચ રાજેશ ડામોરની ધરપકડ



(પ્રતિનિધિ) દાહોદ, તા.7

દાહોદ જિલ્લામાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. AAPના મહામંત્રી તથા લીમડી ગામના સરપંચ રાજેશ રમેશ ડામોરને કોર્ટના હુકમ બાદ ધરપકડ કરવામાં આવી છે. પાંચ લાખ રૂપિયાના ચેક બાઉન્સ કેસમાં દોષિત ઠરતાં કોર્ટે આરોપીને એક વર્ષની સજા તથા રૂ. 5 લાખ ભરપાઈનો આદેશ આપ્યો છે.

કોર્ટના આદેશ પછી લીમડી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી સરપંચ રાજેશ ડામોરની અટકાયત કરી હતી. આ ઘટનાના સમાચાર પ્રસરી જતા દાહોદ જિલ્લામાં રાજકીય ચર્ચાઓ તેજ બની ગઈ છે. AAPના કાર્યકરોમાં ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે, જ્યારે વિરોધ પક્ષ કોંગ્રેસ અને ભાજપમાં સંતોષની લાગણી દેખાઈ રહી છે.

સ્થાનિક રાજકીય વર્તુળોમાં આ ઘટનાને આવનારી રાજકીય અસર સાથે જોડીને જોવામાં આવી રહી છે. કેટલાક નેતાઓએ "કાયદો સૌ માટે સમાન છે" એમ જણાવ્યું છે, જ્યારે AAP તરફથી કાનૂની માર્ગે આગળ લડત લડવાની જાહેરાત કરી છે. આ ઘટનાએ દાહોદ જિલ્લામાં રાજકીય માહોલને વધુ ગરમાવ્યો છે.

# વેજલપુર બસ સ્ટેન્ડ પાસે રોડ ક્રોસ કરતા રાહદારીનું મોત

**રાહદારીને** બાઈક ચાલકે અડફેટે લેતા ઘટનાસ્થળે જ મોત



(પ્રતિનિધિ) કાલોલ, તા.7

વેજલપુર બસ સ્ટેશન સામે બુધવારના રોજ સવારના 7 વાગ્યાની આસપાસ ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. રોડ ક્રોસ કરી રહેલા અંદાજીત 50 થી 60 વર્ષની ઉંમરના એક રાહદારીને બાઈક નંબર G.J.06 M.K.8868ના ચાલકે અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.પ્રાપ્ત માહિતી મુજબ મૃતક વેજલપુર ગામના જ હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેઓ વેજલપુર ખાતે આવેલ આઈ.ટી.આઈ.માં સાફ-સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતા હોવાનું પણ જાણવા મળ્યું છે. મૃતક બસ સ્ટેશન તરફથી રસ્તો પાર કરી રહ્યા હતા, તે દરમિયાન તેજ ઝડપે આવી રહેલી બાઈકે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને સ્થળ પર જ તેમનું મોત થયું હતું. અકસ્માતમાં બાઈક ચાલકને પણ માથામાં ઈજાઓ પહોંચતા તેને 108 એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. બનાવની જાણ થતાં વેજલપુર પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### દાહોદ જીલ્લામાં ગામે ગામ આરોગ્ય કિરણ કાર્યક્રમનું આયોજન

દાહોદ, દાહોદ જીલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જીલ્લા પંચાયત દાહોદ દ્વારા "ગામે ગામ આરોગ્ય કિરણ" કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મુકાયો છે.

આ અંતર્ગત જીલ્લાના 102 પ્રાથમિક તેમજ શહેરી આરોગ્ય કેન્દ્ર વિસ્તારોમાં હેલ્થ કેમ્પો યોજાયા હતા. આ કેમ્પોમાં કુલ 6141 લાભાર્થીઓ (3387 સ્ત્રીઓ અને 2754 પુરુષો)એ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. મુખ્ય આરોગ્ય સેવાઓ અને તપાસમાં 296 સગર્ભાની તપાસ, 343 પી.એમ.જય એ.વાય. કાર્ડ બનાવ્યા, જનરલ આરોગ્ય તપાસ : 2059, એન.સી.ડી. ડાયાબિટીસ - 2994, બ્લડપ્રેશર - 3037, સિકલ સેલ તપાસ : 149, 318 ટી.બી. તપાસ, રસીકરણ સેવા : 26 અને 165 કેન્સર તપાસ : કરાઈ હતી.

# ભથવાડા ટોલનાકા નજીક કારમાંથી રૂ.3.86 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**પીપલોદ પોલીસની** પેટ્રોલિંગ દરમિયાન કાર્યવાહી



(પ્રતિનિધિ) દેવગઢ બારીઆ, તા.7

પીપલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના નેશનલ હાઈવે ઉપર ભથવાડા ટોલનાકા ખાતે મળેલ બાતમીના આધારે પીપલોદ પોલીસ દ્વારા પ્રોહીબિશનનો ગુન્હો શોધી કાઢવામાં આવ્યો છે.

દાહોદ પોલીસ અધિક્ષક રવિરાજસીંહ નાઓએ જિલ્લામાં દારૂબંધીના કડક અમલ તથા અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર અંકુશ લાવવા તેમજ ગેરકાયદેસર દારૂની હેરાફેરી/પરિવહન કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપેલ હતી.

આ અનુસંધાને પીપલોદ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી.બી. રાઠવા નાઓ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગ તથા વાહન ચેકીંગ દરમ્યાન હતા. તે દરમ્યાન બાતમી મળેલ કે, એક સફેદ કલરની સ્વીફ્ટ ડીઝાયર ગાડી નં. GJ-15-CF-0153 માં ઈંગ્લીશ દારૂ ભરી દાહોદ તરફથી પીપલોદ તરફ આવી રહી છે.

પોલીસને મળેલ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા ખાતે ગાડી અટકાવી તપાસ કરતા, ગાડીના પાછળના ડેકીના ભાગે ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી. જેથી કાયદેસરની કાર્યવાહી કરી પીપલોદ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

આ કાર્યવાહીમાં અજય ઉર્ફે વિજય મદનભાઈ ડામોર, રહે. લંબેલા મકના ફળીયું, તા. રાણાપુર, જી. ઝાબુઆ (મ.પ્ર.) ને ઝડપી પાડવામાં આવ્યો છે, જ્યારે પંકેસભાઈ પંગાલા પરમાર, રહે. કાકરાધરા, તા. રાણાપુર, જી. ઝાબુઆ (મ.પ્ર.) ફરાર છે. પોલીસે કુલ રૂ. 3,86,752/- નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભેખડીયામાં શહેરા ને મોરવા હડફ પોલીસ સ્ટેશનનો 2.87 કરોડનો દારૂ નાશ કરાયો





(પ્રતિનિધિ) ગોધરા, તા.7

ગોધરાના ભેખડીયા ખાતે આવેલી સરકારી પડતર જમીનમાં આજે શહેરા અને મોરવા હડફ પોલીસ સ્ટેશનના વર્ષ 2024-25 દરમિયાન પકડાયેલા વિદેશી દારૂના જથ્થાનો જાહેર નાશ કરવામાં આવ્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને વહીવટી તંત્રની હાજરીમાં અંદાજે 2.87 કરોડ રૂપિયાની કિંમતની કુલ 1,60,841 દારૂ અને બીયરની બોટલો પર જેસીબી અને રોલર ફેરવીને તેનો ખુરદો બોલાવી દેવાયો હતો.

પંચમહાલ રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશ દુધાતની સૂચના મુજબ, નામદાર કોર્ટ પાસેથી મંજૂરી મેળવીને આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ ડીવાયએસપી બ્રિન્દા જાડેજા, પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલ અને નશાબંધી અધિકારી એ.એન. પરમાર સહિતની કમિટીની પ્રત્યક્ષ હાજરીમાં લાખોની કિંમતનો મુદ્દામાલ જમીનદોસ્ત કરાયો હતો. શહેરા અને મોરવા હડફ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા વિવિધ ગુનાઓમાં જપ્ત કરાયેલ નાની-મોટી કાચની અને પ્લાસ્ટિકની બોટલોને મેદાનમાં પાથરી તેના પર ભારે મશીનરી ફેરવવામાં આવી હતી.

### પાદરાના પીપળી ગામે શ્રી નાગણેશ્વરી માતાજી મંદિરનો 15મો પાટોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ) પાદરા, તા.7

પાદરા તાલુકાના પીપળી ધામ ખાતે આવેલ શ્રી નાગણેશ્વરી માતાજી મંદિરમાં કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજીનો 15મો પાટોત્સવ આગામી તા. 11મી જાન્યુઆરીએ ઉજવવામાં આવશે. આ પ્રસંગે માતાજીની કૃપા પ્રાપ્તિ માટે નવચંડી યજ્ઞનું આયોજન કરાયું છે.

કાર્યક્રમ અનુસાર પુજા સવારે 9:00 કલાકે, શ્રી ફળ હોમ સાંજે 4:30 કલાકે તથા મહાપ્રસાદ સાંજે 5:30 કલાકે યોજાશે. પાટોત્સવ નિમિત્તે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહેશે તેવી અપેક્ષા છે. આ પાવન અવસરે સમસ્ત રાઠોડ સમાજ સહિત સર્વ ભાવિક ભક્તોને કાર્યક્રમમાં હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

# પીપલોદ પોલીસની કાર્યવાહી, કારમાંથી ₹5.02 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**દારૂની હેરાફેરી કરતો** વડોદરાનો અમિત ઝડપાયો



(પ્રતિનિધિ) દેવગઢ બારીઆ, તા.7

દાહોદ જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પીપલોદ પોલીસે નોંધપાત્ર કાર્યવાહી કરી છે. પીપલોદ પોલીસ સ્ટેશનની ટીમે સ્વીફ્ટ કારમાંથી રૂ. 5.02 લાખની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

રવિરાજસિંહ જાડેજા, પોલીસ અધિક્ષક, દાહોદ જીલ્લા દ્વારા જિલ્લામાં દારૂબંધીના કડક અમલ, અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ અને પ્રોહિબિશનના ગુન્હાઓમાં સંડોવાયેલા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના અનુસંધાને પીપલોદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જી.બી. રાઠવા પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગ તથા વાહન ચેકિંગમાં હતા.

આ દરમિયાન બાતમી મળી હતી કે એક સફેદ રંગની મારૂતિ સ્વીફ્ટ કાર નં. GJ-06-DQ-1166 ઈંગ્લીશ દારૂ ભરી દાહોદ તરફથી પીપલોદ તરફ આવી રહી છે. બાતમીના આધારે પંચેલા પોલીસ સહાયતા કેન્દ્ર પાસે વાહન ચેકિંગ ગોઠવી શંકાસ્પદ કારને અટકાવી તપાસ કરતા ડ્રાઈવર સીટ પાછળ તથા ડીકીના ભાગમાં સંતાડેલી ભારતીય બનાવટના વિદેશી દારૂની મોટી જથ્થાબંધ પેટીઓ મળી આવી હતી.

પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી પીપલોદ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધ્યો છે. આ કાર્યવાહીમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલ આરોપીનું નામ અમિતકુમાર અશોકભાઈ (ઉ.વ. 20), જાતે માળી, ધંધો મજૂરી, રહે. દેવનગર સોસાયટી, કલાલી, વડોદરા હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે ગુન્હામાં સંડોવાયેલા અન્ય બે ઈસમો વિજયભાઈ માનસીંગભાઈ (રહે. બાજવા, વડોદરા) તથા નીતિનભાઈ તડવી (રહે. નિઝામપુરા, વડોદરા) ફરાર હોવાનું બહાર આવ્યું છે. તેમને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. પોલીસે ઈસમો પાસેથી કુલ કિંમત રૂ. 5,02,240/- નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.